પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૪૦ | ૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૮, મંગળવાર ; ફાગણ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### બિહારના સીએમ જાપાનની મુલાકાતે

જાપાનની મુલાકાતે પહોંચેલા બિહારના મુખ્યમંત્રી નીતીશકુમાર જાપાનના પ્રધાનમંત્રી શીન્જો આબે સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાતમાં પટણા મેટ્રો સહિત વિવિધ મુદ્દાઓ પર વાતચીત થઈ હતી.

### સુદાનમાં રાજકીય બંધકો મુક્ત કરાશે

સુદાનના અધિકારીઓએ જણાવ્યું છે કે રાજધાની ખાર્તુમની જેલોમાં બંધ ૮૦ થી વધુ રાજકીય બંધકોને ટુંક સમયમાં મુક્ત કરાશે.

### ગીતાંજલી જેમ્સ અને પીએમબીના શેર તુટ્યા

પીએનબી કૌભાંડના કારણે ગીતાંજલી જેમ્સના શેર સતત ચોથા દિવસે તુટ્યાં હતા અને નીચલી સર્કિટ લાગી હતી. ગીતાંજલીના શેર ૧૦ ટકા જ્યારે પીએનબીના શેર ૮ ટકા જેટલા તુટ્યા હતા.

# પાલિકાઓમાં પણ કેસરીયો

## ૭૫ નગરપાલિકાઓમાંથી ૪૭ ભાજપ અને ૧૬ કોંગ્રેસના ફાળે : ૨૦૧૩માં થયેલી નગરપાલિકા ચૂંટણી કરતા ભાજપને ૧૩ નગરપાલિકાનું નુકસાન : કોંગ્રેસને દસ નગરપાલિકાનો ફાયદો : ઘણી જગ્યા પર તીવ્ર સ્પર્ધા

અમદાવાદ,તા. ૧૯ રાજયની ૭૪ નગરપાલિકાઓના જાહેર થયેલા પરિણામો આજે ઘણા ચોંકાવનારા અને ઉલટફેરવાળા આવ્યા હતા. ૭૪ નગરપાલિકાઓમાંથી ભાજપના ફાળે ૪૭ નગરપાલિકાઓ અને કોંગ્રેસને ૧૬ નગરપાલિકાઓમાં સ્પષ્ટ બહુમતી મળી છે. નગરપાલિકાઓની ગત ચૂંટણી કરતાં ભાજપને આ વખતે ૧૪ જેટલી બેઠકોનું નુકસાન થયું છે, જયારે કોંગ્રેસને છથી વધુ નગરપાલિકાનો ફાયદો થયો છે. આમ, ઓવરઓલ જોઈએ તો, કોંગ્રેસનો દેખાવ વિધાનસભાની ચૂંટણીની જેમ એકંદરે સારો અને ઘણો સુધારાયુકત રહ્યો છે. તો, બીજીબાજુ, ભાજપને આ વખતે શહેરી વિસ્તારોમાં પણ ભારે નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. રાજયની છ નગરપાલિકાઓ પર અપક્ષોનો દબદબો જોવા મળ્યો તો. અન્ય છ બેઠકો એવી હતી કે, જયાં ભાજપ કે કોંગ્રેસને કોઇ સ્પષ્ટ બહુમતી નથી મળી. તો એનસીપી અને બહુજન સમાજ પાર્ટી એક-એક નગરપાલિકા આંચકી ગયા છે. છ નગરપાલિકા મિશ્ર આવી છે, જયારે ચાર નગરપાલિકામાં અપક્ષોનો દબદબો રહ્યો છે. રાજયની ૭૫ નગરપાલિકાઓની કુલ બેઠકોની વાત કરીએ તો, કુલ ૨૦૬૦ બેઠકો પૈકી ૧૧૬૭ બેઠકો પર ભાજપ, ૬૩૦ બેઠકો પર કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી ૧૫, એનસીપી ૨૮ બેઠકો અને અન્ય પક્ષને ૧૮ બેઠકો જયારે અપક્ષોના ફાળે ૨૦૨ બેઠકો ગઇ છે. રાજય ચૂંટણી આયોગના સંયુકત કમિશનર એ.એ.રામાનુજ, મુખ્ય ચૂંટણી સચિવ મહેશભાઇ જોષી અને મદદનીશ ચૂંટણી અધિકારી વી.એમ.પટેલે જણાવ્યું હતું કે, ૭૫ નગરપાલિકા પૈકી અમરેલીની જાફરાબાદ નગરપાલિકાની તમામ બેઠકો પહેલેથી જ બિનહરીફ થતાં તે તમામ ઉમેદવારો ભાજપના હોઈ તે ભાજપના ફાળે ગઇ હતી. જયારે ૭૫ નગરપાલિકાઓની ૨૧૧૬ બેઠકો પૈકી ૫૨ બેઠકો બિનહરીફ થતાં તા.૧૭મી ફેબ્રુઆરીએ રાજયની ૭૪ નગરપાલિકાઓ માટે કુલ ૨૦૬૦ બેઠકો માટેની ચૂંટણી યોજાઈ હતી. આજે સવારે નવ વાગ્યાથી ચૂંટણી અધિકારી, ઉમેદવારો અને તેમના એજન્ટની હાજરીમાં ઈવીએમના

● અનુસંધાન પાન-૭ પર

### કોને કેટલી બેઠકો મળી

| | |
|---|---|
| કુલ નગરપાલિકા બેઠકો | ૨૦૬૦ |
| ભાજપને મળેલી બેઠકો | ૧૧૬૭ |
| કોંગ્રેસને મળેલી બેઠકો | ૬૩૦ |
| બહુજન સમાજ પાર્ટીને મળેલી બેઠકો | ૧૫ |
| એનસીપીને મળેલી બેઠકો | ૨૮ |
| અન્ય પક્ષોને મળેલી બેઠકો | ૧૮ |
| અપક્ષને મળેલી બેઠકો | ૨૦૨ |

### નગરપાલિકા ચૂંટણી પરિણામ

| | |
|---|---|
| કુલ નગરપાલિકા ચૂંટણી | ૭૫ |
| નગરપાલિકાઓના પરિણામ | ૭૫ |
| ભાજપના ફાળે નગરપાલિકા | ૪૭ |
| કોંગ્રેસના ફાળે નગરપાલિકા | ૧૬ |
| એનસીપીના ફાળે નગરપાલિકા | ૧ |
| બહુજન સમાજ પાર્ટીના ફાળે નગરપાલિકા | ૧ |
| મિશ્ર નગરપાલિકા | ૬ |
| અપક્ષ ઉમેદવારો | ૪ |

# પીએનબી મુંબઈ બ્રૈડી રોડ શાખા સીલ

## કર્મચારી ઉપર રોક : પીએનબી ફ્રોડ મામલામાં સીબીઆઈની તપાસ વધુ ઝડપી બની બેંકના બે કર્મચારીઓ સહિત ૩ની ધરપકડ : નિરવની પુછપરછ કરવા પણ તૈયારી વિપુલ અંબાણીની સીબીઆઈ દ્વારા કડક પુછપરછ કરવામાં આવી

નવી દિલ્હી,તા. ૧૯ પંજાબ નેશનલ બેંક કોંભાડમાં સીબીઆઈની કાર્યવાહી હવે વધુ ઝડપી બની ચુકી છે. આજે સીબીઆઈની ટીમે દેશના સૌથી મોટા બેંકિગ કોંભાડના મુખ્ય કેન્દ્ર રહેલા પીએનબી બ્રૈડી રોડ બ્રાન્ચને સીલ કરી દેતા ખળભળાટ મચી ગયો હતો. સીબીઆઈની ટીમે આ કોંભાંડના સંબંધમાં બેંકના કર્મચારીઓ સહિત ત્રણ લોકોની ધરપકડ કરી છે. કોંભાડના મુખ્ય સુત્રધાર હીરા કારોબારી નીરવ મોદી દેશથી ફરાર છે. એમ કહેવામાં આવી રહ્યુ છે કે સીબીઆઇ નીરવ મોદીની પુછપરછ કરવાની પણ તૈયારીમાં છે. સીબીઆઈએ બેંકની બહાર એક નોટીસ ચોંટાડી દીધી છે. જેમાં લખવામાં આવ્યુ છે કે આ બ્રાન્ચને નીરવ મોદી એલઓયુ મામલાના કારણે સીલ કરવામાં આવી રહી છે. હવે આ બ્રાન્ચમાં કોઈ કામ

● અનુસંધાન પાન-૭ પર














